# ટી-20 વર્લ્ડકપ : બાંગ્લાદેશને ભારતમાં રમવા ઈનકાર

**બાંગ્લાદેશ** સરકારની સલાહ અને બોર્ડની બેઠક બાદ બીસીબીએ તેમની ટીમ T-20 વર્લ્ડકપ માટે ભારત ન મોકલવાનો નિર્ણય લીધો

**બીસીબીએ** તેમની મેચો ભારત બહાર કરાવવા ઔપચારીક રીતે આઈસીસીને વિનંતી મોકલી



ઢાકા, તા. 4 (પીટીઆઈ): બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (BCB) રવિવારે સુરક્ષા ચિંતાઓ અને સરકારની સલાહનો હવાલો આપીને આગામી મહિને યોજાનાર T-20 વર્લ્ડકપ માટે પોતાની રાષ્ટ્રીય ટીમ ભારત નહીં મોકલવાનો નિર્ણય લીધો છે.

IPL ફ્રેન્ચાઇઝી કોલકાતા નાઈટ રાઈડર્સે (KKR) ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના (BCCI) નિર્દેશો પર ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી રીલીઝ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

BCCIએ શનિવારે રહેમાનને મુક્ત કરવાના નિર્ણય માટે બંને દેશો વચ્ચેના વર્તમાન સંબંધોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ કહ્યું હતું કે આ પગલું વર્તમાન ઘટનાઓથી પ્રેરિત છે.

IPLમાંથી રહેમાનને અચાનક બહાર કર્યા બાદ, BCBએ શનિવારે રાત્રે એક કટોકટી બેઠક બોલાવી અને એક દિવસ પછી જાહેરાત કરી કે ડિરેક્ટર બોર્ડની બેઠકમાં નિર્ણય લીધો છે કે રાષ્ટ્રીય ટીમ 7 ફેબ્રુઆરીથી શરૂ થનારા T-20 વર્લ્ડકપ માટે ભારતનો પ્રવાસ કરશે નહીં. બીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'બોર્ડે છેલ્લા 24 કલાકમાં થયેલા ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને પરિસ્થિતિની વિગતવાર સમીક્ષા કરી છે. ભારતમાં બાંગ્લાદેશ ટીમની સલામતી અંગે વધતી ચિંતાઓને ધ્યાનમાં રાખીને અને વર્તમાન પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને, બાંગ્લાદેશ સરકારની સલાહ પર બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નિર્ણય લીધો છે કે બાંગ્લાદેશની રાષ્ટ્રીય ટીમ ટુર્નામેન્ટ માટે ભારતનો પ્રવાસ કરશે નહીં.'

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ આ મુદ્દા પર ધ્યાન આપવું પડશે કારણ કે બાંગ્લાદેશ તેની ચારેય લીગ તબક્કાની મેચ ભારતમાં રમવાનું છે.

પાકિસ્તાન સાથેના કરારની જેમ, બાંગ્લાદેશ પણ ઇચ્છે છે કે તેની બધી મેચ ટુર્નામેન્ટના સહ-યજમાન શ્રીલંકામાં ખસેડવામાં આવે.

'આ નિર્ણયને ધ્યાનમાં રાખીને, બીસીબીએ ઔપચારિક રીતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદને (આઈસીસી) ઈવેન્ટના સંચાલક તરીકે વિનંતી કરી છે કે બાંગ્લાદેશની બધી મેચ ભારતની બહાર (યજમાન શ્રીલંકા સાથે) સ્થળાંતરિત કરવાનું વિચારે', એમ બીસીબીના ડિરેક્ટર ખાલિદ મસૂદ પાઈલટે કહ્યું હતું.

### બાંગ્લાદેશના મંત્રીની દેશમાં આઈપીએલના પ્રસારણને સ્થગિત કરવાની માગ

બાંગ્લાદેશના સરકારી સલાહકાર આસિફ નજરુલે બાંગ્લાદેશના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સલાહકારને બાંગ્લાદેશમાં આઈપીએલનું પ્રસારણ સ્થગિત કરવા વિનંતી કરી છે. તેમણે કહ્યું, 'મેં માહિતી અને પ્રસારણ મંત્રાલયના સલાહકારને બાંગ્લાદેશમાં આઈપીએલનું પ્રસારણ સ્થગિત કરવા વિનંતી કરી છે. કોઈ પણ સંજોગોમાં અમે બાંગ્લાદેશ ક્રિકેટ, ક્રિકેટરો અથવા બાંગ્લાદેશનું અપમાન સહન કરીશું નહીં. ગુલામીના દિવસો પૂરા થઈ ગયા છે.'

### આઈસીસી બાંગ્લાદેશની મેચો શ્રીલંકામાં ખસેડવા સંમત થઈ શકે: અહેવાલ

નવી દિલ્હી, તા. 4: બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) દ્વારા સુરક્ષા ચિંતાઓને કારણે સ્થળ બદલવાની ઔપચારિક વિનંતી કર્યાના કલાકો પછી, 4 જાન્યુઆરીએ એક મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) બાંગ્લાદેશની T-20 વર્લ્ડકપ મેચોને ભારતમાંથી ખસેડવા માટે તૈયાર છે. BCBએ રવિવરે ICCને પત્ર લખીને તેમની મેચો T20 વર્લ્ડકપના સહ-યજમાન શ્રીલંકામાં ખસેડવાની માગ કરી હતી. જ્યારે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી, ત્યારે માનવામાં આવે છે કે ICC આ વિનંતી પર વિચાર કરી રહ્યું છે, જેમાં ખેલાડીઓની સલામતી મુખ્ય મુદ્દો છે.

# એશિઝ ટેસ્ટ: ઈંગ્લેન્ડે પ્રથમ દિવસે 3 વિકેટે 211 રન બનાવ્યા

**રૂટ** અને બ્રુકે 154 રનની અતૂટ ભાગીદારી કરી ઈંગ્લેન્ડને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું

**બોન્ડી** ત્રાસવાદી હુમલાના પીડિતોને મેદાન પર શ્રદ્ધાંજલિ આપવામાં આવી

**વરસાદના** કારણે મેચ ટી-બ્રેક પહેલાં જ અટકાવવી પડી



સિડની, તા. 4 (એપી): રવિવારે ઓસ્ટ્રેલિયા સામે પાંચમી અને અંતિમ એશિઝ ક્રિકેટ ટેસ્ટના પહેલા દિવસે ખરાબ પ્રકાશના કારણે રમત અટકાવવામાં આવી તે પહેલાં જો રૂટ અને હેરી બ્રુકે 154 રનની અતૂટ ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને ત્રણ વિકેટે 211 રનનો સ્કોર બનાવવામાં મદદ કરી.

મેચ શરૂ થઈ તે પહેલાં બોન્ડી આતંકવાદી હુમલાના પીડિતો અને શહીદ થયેલા પોલીસ જવાનોને મેદાન પર શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

57 રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ ઈંગ્લેન્ડ મુશ્કેલીમાં હતું ત્યારે રૂટ (72 અણનમ) અને બ્રુક (78 અણનમ) મેદાન પર ઉતર્યા હતા. રૂટ અને બ્રુક વચ્ચેની આ ભાગીદારી વર્તમાન સિરીઝમાં મુલાકાતી ટીમ દ્વારા શ્રેષ્ઠ ભાગીદારી છે.

ખરાબ પ્રકાશ અને વરસાદને કારણે ચાના સમય પહેલા રમત અટકાવી દેવામાં આવી હતી, અને મેચ ફરી શરૂ થઈ શકી ન હતી.

રૂટ અને બ્રુક બંનેએ તે જ ઓવરમાં અડધી સદી પૂરી કરી હતી જેમાં તેમની સદીની ભાગીદારી પૂરી થઈ હતી. ઓસ્ટ્રેલિયાના બોલરોને પિચ પરથી વધુ મદદ મળી રહી ન હતી, જેના કારણે ઈંગ્લેન્ડે આ જોડીની મદદથી મેચમાં નિયંત્રણ મેળવી શક્યું.

રૂટે 65 બોલમાં તેની 67મી અડધી સદી પૂરી કરી, જ્યારે બ્રુકે 63 બોલમાં તેની 15મી અડધી સદી પૂરી કરી. બ્રુકે તેની ઈનિંગ દરમિયાન કેટલાક જોખમો પણ લીધા.

સવારના સત્રમાં ઈંગ્લેન્ડે સતત ત્રણ વિકેટ ઝડપથી ગુમાવી. બેન ડકેટ અને ઝેક ક્રોલીએ મુલાકાતીઓને ઝડપી શરૂઆત અપાવી હતી. મિશેલ સ્ટાર્ક, માઈકલ નેસર, સ્કૉટ બોલેન્ડે 1-1 વિકેટ લીધી.

ઓસ્ટ્રેલિયા સિરીઝમાં 3-1ની સરસાઈ સાથે પહેલાં જ સુનિશ્ચિત કરી લીધું છે કે એશિઝ તેની પાસે જળવાઈ રહેશે.

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ક્રોલી એલબી બો નેસર | 16 | 29 | 3 | 0 |
| ડકેટ કો કેરી બો સ્ટાર્ક | 27 | 24 | 5 | 0 |
| બેથલ કો કેરી બો બોલેન્ડ | 10 | 23 | 2 | 0 |
| રૂટ રમતમાં | 72 | 103 | 8 | 0 |
| બ્રુક રમતમાં | 78 | 92 | 6 | 1 |
| વધારાના | 8 | | | |
| કુલ 45 ઓવરમાં 3 વિકેટે | 211 | | | |

**વિકેટ પતન:** 1-35, 2-51, 3-57

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 12 | 1 | 53 | 1 |
| માઈકલ નેસર | 10 | 0 | 36 | 1 |
| સ્કોટ બોલેન્ડ | 13 | 0 | 48 | 1 |
| કેમરન ગ્રીન | 8 | 0 | 57 | 0 |
| બીઉ વેબસ્ટર | 2 | 0 | 11 | 0 |

# બાંગ્લાદેશના ક્રિકેટરોને પણ IPLમાં રમવાની મંજૂરી આપવી જોઈએ નહીં: ભાજપ નેતા

કોલકાતા, તા. 4 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળના ભાજપના નેતા દિલીપ ઘોષે રવિવારે કહ્યું કે જેમ પાકિસ્તાની ક્રિકેટરોને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં (IPL) રમવાની મંજૂરી નથી, તેવી જ રીતે બાંગ્લાદેશી ખેલાડીઓને પણ તેમાં રમવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ ભાજપ અધ્યક્ષે BCCI દ્વારા કોલકાતા નાઈટ રાઈડર્સને 2026ની IPL ટીમમાંથી બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને રિલીઝ કરવાના નિર્દેશનું સ્વાગત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

'બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે કોઈના માટે સારું નથી. પશ્ચિમ બંગાળના લોકો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારોથી ખૂબ જ દુ:ખી છે. આ અમાનવીય છે, અને તેના પરિણામો ભોગવવા પડશે', એમ ભૂતપૂર્વ સાંસદે કહ્યું હતું.

## BCCIના નિર્ણયની પ્રશંસા કરવા બદલ શિવસેનાના નેતાને ધમકીઓ મળી

મુંબઈ, તા. 4 (પીટીઆઈ): શિવસેના (યુબીટી)ના પ્રવક્તા આનંદ દુબેએ રવિવારે દાવો કર્યો હતો કે કોલકાતા નાઈટ રાઈડર્સને બાંગ્લાદેશના ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને 2026ની આઈપીએલ ટીમમાંથી બહાર કરવાના બીસીસીઆઈના નિર્ણયનું સ્વાગત કરવા બદલ તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. શનિવારે દુબેને તેમના વોટ્સએપ નંબર પર અને અજાણ્યા વ્યક્તિઓ તરફથી ફોન પર ધમકીભર્યા સંદેશા મળ્યા હતા, તેમની ફરિયાદ પર એનસી દાખલ કરવામાં આવી છે.

# ટી-20 વર્લ્ડકપ માટે બાંગ્લાદેશની ટીમ જાહેર

**લિટન** દાસ કેપ્ટન રહેશે, જ્યારે ફાસ્ટ બોલર તસ્કિન અહેમદ ટીમમાં પાછો ફર્યો



ઢાકા, તા. 4 (પીટીઆઈ): બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (BCB) આગામી મહિને યોજાનાર T-20 વર્લ્ડકપ માટે લિટન દાસની આગેવાની હેઠળની 15 સભ્યોની ટીમની રવિવારે જાહેરાત કરી છે, દેશના રમતગમત મંત્રાલયે ટીમને તેની લીગ મેચો ભારતથી શ્રીલંકા ખસેડવાનો નિર્દેશ આપ્યાના થોડાક કલાક બાદ જ આ જાહેરાત કરાઈ હતી.

T-20 વર્લ્ડકપ 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ દરમિયાન ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાશે.

દાસ કેપ્ટન રહેશે, જ્યારે ફાસ્ટ બોલર તસ્કિન અહેમદ તાજેતરની આયર્લેન્ડ શ્રેણી ગુમાવ્યા બાદ ટીમમાં પાછો ફર્યો છે. અહેમદ ફાસ્ટ બોલિંગ વિભાગમાં રહેમાન સાથે ભાગીદારી કરશે.

'બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (BCB) 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ દરમિયાન ભારત અને શ્રીલંકામાં યોજાનાર ICC મેન્સ T-20 વર્લ્ડકપ 2026 માટે રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરી છે', એમ BCBએ એક્સ પર જણાવ્યું.

**બાંગ્લાદેશની ટીમ:** લિટન દાસ (કેપ્ટન), મોહમ્મદ સૈફ હસન (વાઈસ-કેપ્ટન), તન્ઝીદ હસન, મોહમ્મદ પરવેઝ હુસૈન ઈમોન, તૌહીદ હૃદોય, શમીમ હુસૈન, કાઝી નુરુલ હસન સોહન, શક મહેદી હસન, રિશાદ હુસૈન, નસુમ અહેમદ, મુસ્તફિઝુર રહેમાન, તંજીમ હસન સાકિબ, તાસ્કિન અહેમદ, મોહમ્મદ શૈફુદ્દીન, શોરીફુલ ઇસ્લામ.

# કોમનવેલ્થ ગેમ્સ બાદ, 2036માં ઓલિમ્પિક્સ ગેમ્સ ગુજરાતમાં કરાવવાનું લક્ષ્ય: જય શાહ

**સુરત** આવેલા જય શાહે કહ્યું 2036માં ઓછામાં ઓછા 100 મેડલ જીતવાનો લક્ષ્યાંક જેમાંથી ગુજારાતે 10 મેડલનું યોગદાન આપવાનું છે



સુરત, તા. 4 (પીટીઆઈ): ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના (ICC) ચેરમેન જય શાહે રવિવારે જણાવ્યું હતું કે 2030માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યા પછી, ભારત 2036માં ઓલિમ્પિક ગેમ્સ ગુજરાતમાં લાવવાનું લક્ષ્ય રાખે છે, જેમાં ઓછામાં ઓછા 100 મેડલ જીતવાનો લક્ષ્યાંક છે.

સુરતમાં ડૉ. હેડગેવાર સેવા સ્મૃતિ સેવા સમિતિ દ્વારા આયોજિત 'રન ફોર ગર્લ ચાઈલ્ડ' મેરેથોનને સંબોધતા શાહે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોમનવેલ્થ ગેમ્સને ગુજરાતમાં લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

તેમણે કહ્યું, 'કોમનવેલ્થ ગેમ્સ 2030 પછી, અમારું લક્ષ્ય 2036માં અહીં ઓલિમ્પિકનું આયોજન કરવાનું છે.' 2024 પેરિસ ઓલિમ્પિકમાં ભારતના આઠ મેડલ જીતનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે 2036 માટેનું લક્ષ્ય ઓછામાં ઓછા 100 મેડલ હોવું જોઈએ, જેમાં ગુજરાતે 10 મેડલનું યોગદાન આપવાનું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે મહિલા ખેલાડીઓ આમાંથી ઓછામાં ઓછા બે મેડલ જીતશે.

# 2036 ઓલિમ્પિક્સનું આયોજન કરવા મજબૂત પ્રયાસો કરાઈ રહ્યા છે: મોદી


**છેલ્લા** સાડા 11 વર્ષમાં દેશમાં વીસથી વધુ મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કરાયું

વારાણસી, તા. 4 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે છેલ્લા સાડા 11 વર્ષમાં સરકારે દેશમાં રમતગમત ક્ષેત્રમાં વ્યાપક ફેરફારો કર્યા છે, વીસથી વધુ મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કર્યું છે, અને ભારત 2036 ઓલિમ્પિકનું આયોજન કરવા માટે 'સંપૂર્ણ તાકાતથી' તૈયારી પણ કરી રહ્યું છે.

વારાણસીમાં આજે શરૂ થયેલી 72મી સિનિયર નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપના ઉદ્ઘાટન સમારોહમાં ઓનલાઈન જોડાતા વડા પ્રધાને કહ્યું કે છેલ્લા દાયકામાં, વીસથી વધુ મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ, જેમાં ફિફા અંડર-17 વર્લ્ડકપ અને હોકી વર્લ્ડકપ સામેલ છે, ઘણા શહેરોમાં યોજાઈ હતી. '2030 કોમનવેલ્થ ગેમ્સ પણ ભારતમાં યોજાવા જઈ રહ્યા છે. ભારત 2036 ઓલિમ્પિકનું આયોજન કરવા માટે પણ સંપૂર્ણ તાકાતથી તૈયારી કરી રહ્યું છે. આ પાછળનો પ્રયાસ એ છે કે શક્ય તેટલા વધુ ખેલાડીઓને રમવાની તકો પૂરી પાડવામાં આવે', એમ મોદીએ કહ્યું. મોદીએ કહ્યું કે એક સમય હતો જ્યારે સરકાર અને સમાજ બંને રમતગમત પ્રત્યે ઉદાસીન હતા. બહુ ઓછા યુવાનો રમતગમતને કારકિર્દી તરીકે અપનાવતા હતા, પરંતુ છેલ્લા દાયકામાં સરકાર અને સમાજ બંનેના રમતગમત પ્રત્યેના વલણમાં પરિવર્તન જોવા મળ્યું છે.

# ઈપીએલ : આર્સેનલે બોર્નમાઉથને 3-2થી હરાવ્યું

**ઈજામાંથી** ફર્યા બાદ ડેક્લાન રાઈસે બે ગોલ કર્યા



લંડન, તા. 4 (એપી): ડેક્લાન રાઈસના બે ગોલની મદદથી આર્સેનલે પાછળ થયા બાદ વાપસી કરીને બોર્નમાઉથને 3-2થી હરાવ્યું, જેનાથી ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં તેણે છ પોઈન્ટની સરસાઈ મેળવી લીધી.

ઈંગ્લેન્ડના મિડફિલ્ડર રાઈસે બીજા હાફમાં બે ગોલ કરીને આર્સેનલનો વિજય સુનિશ્ચિત કર્યો. શરૂઆતમાં ઘૂંટણની ઈજાને કારણે રાઈસનું રમવાનું શંકાસ્પદ હતું, પરંતુ પાછલી મેચ ચૂકી ગયા બાદ તે પાછો ફર્યો. આર્સેનલ માટે ગેબ્રિયલ મેગાલ્હેસે પણ એક ગોલ કર્યો.

બોર્નમાઉથ માટે ઈવાનિલ્સન અને એલી જુનિયર ક્રોપીએ ગોલ કર્યો.

આ જીત આર્સેનલને 20 મેચમાંથી 48 પોઈન્ટ પર લઈ ગઈ છે. નોટિંગહામ ફોરેસ્ટને 3-1થી હરાવનાર એસ્ટન વિલા 42 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. જોકે, માન્ચેસ્ટર સિટી રવિવારે ચેલ્સીને હરાવીને 44 પોઈન્ટ સાથે બીજા સ્થાને જઈ શકે છે, જેનાથી આર્સેનલની સરસાઈ ચાર પોઈન્ટ થઈ જશે.

## સુડોકુ - ૪૮૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૨ | | | ૬ | ૭ | ૧ | ૫ |
| ૯ | ૭ | | ૫ | | ૪ | | ૩ | ૬ |
| ૬ | | | | | | ૮ | ૯ | |
| | ૯ | | ૪ | | | | | |
| | ૩ | ૫ | ૯ | | ૧ | ૪ | ૨ | ૮ |
| | | | | | ૭ | | | |
| | ૮ | | ૧ | | ૫ | ૯ | | |
| | ૬ | ૯ | | ૨ | ૮ | ૧ | | |
| ૪ | ૧ | ૭ | | | | | ૮ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૪૮૨૩-સુડોકુ ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આમાતિસાર- ઉદરશૂળ

પેટમાં દુ:ખાવા સાથે ઝાડા થાય, ઝાડા મા ચીકાશ જાય તો અમિબા નો ચેપ છે. મરડો હોઈ શકે. હરડે, સિંધવ અને સૂંઠ સમાન માત્રામાં લઈને ભેગું કરી રાખો. તેમાંથી એક એક ચમચી સવાર સાંજ ગરમ પાણીમાં લો. દીપન, પાચન અને સારક છે. દીપન- ભૂખ લગાડે, પાચન- ખોરાક પચાવે, સારક - ઝાડો સાફ લાવનાર.

## શબ્દગુંફન - ૭૧૩૭

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. સૂર્ય (૪)
૪. ઉત્તર (૩)
૭. મુકામ, મુસાફરી (૩)
૮. એકનું એક વારંવાર કહેવું તે (૩)
૧૦. કાગળ - કાપડના ટુકડા (૪)
૧૨. સેના (૨)
૧૩. ઢીલ, વિલંબ (૨)
૧૪. મૂળ ગામ કે દેશ(૩)
૧૬. જમીન માલિક (૫)
૧૯. બટન ઘાલવાનું નાકું (૨)
૨૧. શહેર (૩)
૨૩. વાંદરું, કપિ (૩)
૨૫. મરે નહિ એવું (૩)
૨૭. સરખું (૩)
૨૮. પાણી, જળ (૨)
૩૦. દયાળુ, ઉદાર (૩)
૩૨. પથારી (૩)
૩૩. સાંભળવાની ઇન્દ્રીય(૨)
૩૪. માછલું (૨)
૩૫. ગીતની રચના કરનાર (૪)

**ઊભી ચાવી**
૨. ભાડે રહેનાર (૩)
૩. પતિ (૩)
૪. પાણીનું પ્રાણી (૪)
૫. ભરાવદાર (૨)
૬. અવસ્થા (૨)
૯. નવાઈ (૩)
૧૦. દેવું, ઋણ (૩)
૧૧. દાંત (૩)
૧૩. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૧૪. ભાર, દબાણ (૩)
૧૫. જોવું, દૃષ્ટિ (૩)
૧૭. બીડવું-બંધ કરવું (૩)
૧૮. ડાહ્યો (૨)
૨૦. જુસ્સો (૨)
૨૨. વીતી ચૂકેલું (૨)
૨૩. સંદેશ (૨)
૨૪. પ્રથા (૩)
૨૫. ઉપવાસ (૪)
૨૬. વિદાયગીરી (૪)
૨૯. વાંદરું (૩)
૩૧.ગુસ્સો (૨)
૩૩. પિતાના ભાઈ (૨)

૭૧૩૬ - શબ્દગુંફન ઉકેલ

## આજનું પંચાંગ

**તા. 05/01/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** વદ ત્રીજ : 09:58 પછી ત્રીજ
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ : 15
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :**શિશિર
**નક્ષત્ર :**પુષ્ય: 13:26 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરવી. **યોગ :** વિષ્કુંભ **કરણ:** વણિજ
**રાશિ:** કર્ક (ડ.હ.)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 07:18
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:10
**નવકારસી:** 08:06
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત,
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરી ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહેશે. લાગણીઓ પર કાબૂ રાખવો. વિવાદ ટાળવો.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી માટે નવી તક મળે. ઉઘરાણી આવી શકે છે. શુભ સમાચાર મળે પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. ખાણી-પીણીના ધંધામાં લાભ.

**કર્ક (ડ,હ,):** આત્મવિશ્વાસ વધશે. વાહન ધીમે હાંકવું. કોઇ જોખમ ઉઠાવવું નહીં. લાગણી પર કાબૂ રાખવો.

**સિંહ (મ,ટ,):** કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહીં. લેવડ-દેવડમાં સાવધાની રાખવી. ગુપ્ત ભય સતાવે.

**કન્યા (પ,ઠ,ણ,):** અચાનક લાભ થાય. મિત્રો સાથે નોકરી માટે નવી તલાશ હકારાત્મક રહે.

**તુલા (ર,ત,):** નોકરીમાં જવાબદારી વધે. ધંધામાં નવા સોદા પાર પડે. પિતા સાથે ઘર્ષણ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** વડીલોનો સાથ અને માર્ગદર્શન મળે. નોકરીમાં સામાન્ય રહે. માનસિક પીડા સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ચોર-લૂટારુથી સાવધાન અણગમતા સમાચાર મળે. આરોગ્યનું ધ્યાન રાખવું.

**મકર (ખ,જ,):** દાંપત્યજીવનમાં તાલમેળ રાખવો. સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે. આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** લેવડદેવડમાં સાવધાની રાખવી અણગમતા સમાચાર મળે. વિવાદથી અશાંતિ.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવા રોકાણથી લાભ થાય. આવક વધારવાની યોજના પાર પડે. પ્રેમમાં સાથ મળે.

## કોઇ પણ સાલમાં 05 જાન્યુઆરી જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું વર્ષ સામાન્ય સંકેત આવે છે. સમાજ, પરિવાર અને સંતાનોના કામમાં સાથ સહકાર મળે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ અને ધિરાણીની ચિંતાવાળુ વર્ષ છે. 05,14, 23 કોઇ પણ માસની તારીખે જન્મેલા સાથે વ્યવહાર કરી શકાય. 07, 14 અને 25 થી સાવધાન રહેવું. તેમજ 02 અને 06 મૂળાંકવાળાથી પણ સાવધાન રહેવું. 1, 3, 5 અને 8 તારીખ અને બુધ તથા શુક્રવાર અને મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ હોય તો તમારા માટે કાયમ શુભ કહેવાય. શનિવાર અને 02, 06 તારીખથી સાવધાન રહેવું. લાલ, કાળા રંગથી બચવું. લીલો અને આછો લીલો સારા. ચાલુ વર્ષમાં ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ટેકનોલોજીને લગતા ક્ષેત્રમાં સફળતા મળે. નવા ઘર, વાહન, મકાનની ઇચ્છામાં અનુકૂળતા રહેશે. જૂન-જુલાઈમાં અશાંતિનો અનુભવ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે.